

# પરિષદવૃત્ત

**સંકલન : રાજેન્દ્ર પટેલ**

## 'સાહિત્યસિદ્ધાંત' વ્યાખ્યાનશ્રેણીનું ત્રીજું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત 'સાહિત્ય સિદ્ધાંત' વ્યાખ્યાનશ્રેણીનું ત્રીજું વ્યાખ્યાન તા. 1-૪-2010ના રોજ શ્રી વિજય પંડ્યાએ 'ભરત અને ઍરિસ્ટોટલ : નાટ્યસ્વરૂપની વિભાવના' વિશે આપ્યું હતું.

પ્રારંભે પારુલ કંદર્પ દેસાઈએ વ્યાખ્યાનશ્રેણીની ભૂમિકા બાંધી આપી હતી. વિજય પંડ્યાએ નાટકની વિભાવના સ્પષ્ટ કરી હતી. ત્યારબાદ ઍરિસ્ટોટલના પોએટિક્સ અને ભરતમુનિના નાટ્યશાસ્ત્ર વિશે એક એક મુદ્દાઓને લઈ ઝીણવટપૂર્વક ચર્ચા કરી હતી. પ્લૉટ, પાત્રો, અંત વગેરે વિશે મૂળમાંથી ઉદ્ધરણો સાથેની ચર્ચા ઘણી રસપ્રદ બની હતી. જાણીતા વિવેચક-સર્જક સુમન શાહે સર્જન પહેલાં કે સિદ્ધાંત એવો પ્રશ્ન પૂછીને ચર્ચાને જીવંત બનાવી હતી. ચારેય ભાષાના અધ્યાપકો જો આવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહે એવી અપેક્ષા અસ્થાને ન ગણાય.

## 'પાક્ષિકી'

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૮-૪-2010ના રોજ શ્રી હરીશ ખત્રીએ નિબંધનું પઠન કર્યું હતું. મિત્રને ઉદ્દેશીને લખાયેલા પત્રો સ્વરૂપે રજૂ થયેલા આ પ્રવાસનિબંધમાં કેરળની ભૂમિગત વિશેષતાનાં વર્ણનો ભાવકોને સ્પર્શી ગયાં હતાં.

## પરદેશના ગ્રાહકો માટે

ત્રણ માસ સુધી sea mailવાળા તમામ આજીવન સભ્યોને Air mailથી મોકલવામાં આવશે. સભ્યો, ૬૬0/- લેખે લવાજમ મોકલાવે એવી અમારી શ્રદ્ધા છે.

## રવીન્દ્રભવન 'કવિર અન્તરે કવિ'

રવીન્દ્રભવન તરફથી તા. ૭-૪-2010ના રોજ ગોવર્ધન સ્મૃતિમંદિરમાં વિશિષ્ટ દૃશ્યશ્રાવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો વિષય હતો : 'Portrait of a Poet Within.' રવીન્દ્રનાથના પ્રસિદ્ધ કાવ્ય 'છબિ'ને કેન્દ્રમાં રાખી રવીન્દ્રનાથ માટે તેમનાં ભાભી કાદમ્બરી દેવી કેવી રીતે પ્રેરણામૂર્તિરૂપ હતાં, તેનું રવીન્દ્રનાથનાં આત્મકથનાત્મક લખાણો (જીવનસ્મૃતિ, છેલેવેલા, મંગપૂર્ત રવીન્દ્રનાથ)ને આધારે કલાગુરુ અવનીન્દ્રનાથનાં લખાણોને આધારે અને અન્ય કાવ્યરચનાઓને ગૂંથીને શ્રી શૈલેશ પારેખે પાઠ તૈયાર કર્યો હતો. એ પાઠના ત્રણ પ્રવક્તા હતા – નિરંજન ભગત, સુજ્ઞા શાહ અને શૈલેશ પારેખ. નીરવ પારેખ પણ એક સંયોજક હતા. પશ્ચાત્‌ભૂમિમાં કાદમ્બરી દેવીની તસવીર હતી અને છબિ કવિતાના ગાન સાથે એમની અન્ય મુદ્રાઓ પણ દૃશ્યફલક પર રજૂ થતી ગઈ. આ દૃશ્યશ્રાવ્ય રચનામાં ટાગોર પરિવારની વાત પણ વણી લેવામાં આવી

હતી, એમની છબીઓ સાથે. ટાગોર પરિવારમાં બાલિકા વધૂ બનીને આવ્યાં ત્યારે કાદંબરી દેવી નવ વર્ષનાં હતાં અને રવિ છ વર્ષના. પછી પરિચય વધતો ગયો. જોડાસાંકોની અગાશીની સંગીતસાહિત્યની આબોહવાની વાત વખતે પશ્ચાત્‌ભૂમાં સંગીતના સૂરો રેલાતા હતા – એ રીતે સમગ્રપણે સંવાદી સંયોજન હતું. એ પછી ચંદનનગરમાં ગંગાકિનારે જ્યોતિરિન્દ્રનાથ, કાદમ્બરી દેવી અને રવીન્દ્રનાથના કાવ્યસંગીતમય દિવસો – રવીન્દ્રનાથનું લગ્ન અને પછી કાદમ્બરી દેવીની રહસ્યમય આત્મહત્યા. એ પછી પ્રગટ થયેલાં રવીન્દ્રનાથનાં પુસ્તકો, જેમાં પ્રેરણા સ્થાને કાદમ્બરી દેવી હતાં – 'ભગ્ન હૃદય', 'ભાનુસિંહેર પદાવલિ' અને એ સંબંધોની ભૂમિકા પર લખાયેલી વાર્તા 'નષ્ટનીડ'નો પણ ઉલ્લેખ ગૂંથાયો.

સમગ્રપણે રવીન્દ્રનાથ માટે કાદમ્બરી દેવી 'કવિર અન્તરે કવિ' કેવી રીતે હતાં, તેની આ શ્રાવ્યદશ્યના માધ્યમથી સુંદર રીતે પ્રસ્તુતિ થઈ. શ્રોતાઓએ એ પ્રસ્તુતિનો એની સમાપ્તિ પછી ઉષ્માપૂર્ણ પ્રતિસાદ પણ આપ્યો. આગામી ૭મી મેથી રવીન્દ્રનાથના 1 ૫0મા જન્મવર્ષની દેશદુનિયામાં થનારી ઉજવણીની પરિષદમાં થયેલી આ પ્રસ્તુતિ નાન્દીરૂપ હતી.

## જેલ માટે પુસ્તકો

પરિષદે સમગ્ર ગુજરાતની બધીય જેલોમાં (2 ૫) સાહિત્યિક પુસ્તકો ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ કર્યો છે. એ માટે દરેક જેલમાં હાલ ૫00 પુસ્તક ભેટ મોકલવાનું વિચાર્યું છે.

જે સાહિત્યકારો-સાહિત્યરસિકો-પુસ્તકપ્રેમીઓ-પુસ્તકપ્રકાશકો પાસે વધારાનાં સારાં પુસ્તકો (બાહ્ય અને આંતરિક) હોય અને એ પુસ્તકદાન આપવા માગતા હોય તો પરિષદમાં મોકલી આપવા વિનંતી.. (પ્રથમ મોકલવા ઇચ્છતા પુસ્તકની યાદી, એની સ્થિતિ અને એની નકલોની જાણ અગાઉથી ચી. મં. ગ્રંથાલયના ગંગારામ વાઘેલા અથવા દીપ્તિબહેનને કરવા વિનંતી.)

આ યોજના પછી ગુજરાતભરની હૉસ્પિટલોમાં રોગથી પિડાતા દર્દીઓને પણ પુસ્તકો મળે એવો પ્રયત્ન કરવામાં આવશે.

**નોંધ :** પુસ્તકોનું ચયન કરીને જ આગળ મોકલવામાં આવશે.

## શ્રી જોસેફ મૅકવાનને શ્રદ્ધાંજલિ

તા. ૯-૪-2010ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિશ્વકોશ, ગુજરાત સાહિત્ય સભા, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય અકાદમી, દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન અને દલિત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે ચરિત્રકાર, નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, સંપાદક અને વિવેચક સ્વ. જૉસેફ મૅકવાનની શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શ્રી ઘનશ્યામ દેસાઈની વિદાય

'નવનીત-સમર્પણ' સામયિકના પૂર્વસંપાદક, પરામર્શનદાતા તેમજ આધુનિક વાર્તાકાર શ્રી ઘનશ્યામ દેસાઈનું તા. 2૯-૪-2010ના રોજ અવસાન થયું છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ.



# સાહિત્યવૃત્ત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

## શ્રી નલિન રાવળને પ્રથમ કવીશ્વર દલપતરામ ઍવૉર્ડ

વઢવાણની સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ દ્વારા કવીશ્વર દલપતરામની સ્મૃતિમાં 'કવીશ્વર દલપતરામ ઍવૉર્ડ'ની આ વર્ષથી શુભ શરૂઆત થઈ. પ્રથમ ઍવૉર્ડ ગુજરાતી સાહિત્યના પ્રયોગશીલ અને પીઢ કવિ શ્રી નલિન રાવળને એનાયત થયો. તેનો કાર્યક્રમ તાજેતરમાં તા. 0૪-0૪-2010ને રવિવારે સુરેન્દ્રનગરમાં યોજાઈ ગયો.

સંસ્થાના ઉપપ્રમુખ શ્રી બનેસંગ ગઢવીએ પોતાના વક્તવ્ય દ્વારા શાબ્દિક સ્વાગત કર્યું તથા અન્ય મહાનુભાવો દ્વારા મંચસ્થ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. દીપ્તિ કુંડલે દલપતરામના જીવન અને કવન વિશે વક્તવ્ય આપ્યું. દલપતરામના પુત્ર ન્હાનાલાલનાં પુત્રવધૂ પુષ્પાબહેન કવિએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. શ્રી હર્ષદ ત્રિવેદીએ શ્રી નલિન રાવળના કાવ્યસર્જન વિશે વિગતે વાત કરી. તેમણે એક કવિ તરીકે શ્રી નલિન રાવળની વિશેષતાઓ શ્રોતાઓ સમક્ષ રજૂ કરી. ત્યાર પછી કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ દ્વારા નલિન રાવળને મોમેન્ટો અને રૂપિયા પચ્ચીસ હજારનો ચેક અર્પણ કરવામાં આવ્યો. સંસ્થાના પ્રમુખ શ્રી અમીત કંસારાએ નલિનભાઈને સાફો બંધાવી સૌરાષ્ટ્રની પરંપરા મુજબ સન્માન કર્યું.

આ પહેલાં ડૉ. નરેન્દ્ર રાવલે ઍવૉર્ડ અંગેની ભૂમિકા બાંધી આપી. કવીશ્વર દલપતરામ ઍવૉર્ડ પ્રદાન માટે વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટે પાંચ સભ્યોની ઍવૉર્ડ સમિતિની રચના કરી હતી. તેમાં સર્વ શ્રી ડૉ. મોતીભાઈ પટેલ, રમેશ આચાર્ય, ડૉ. દીપ્તિ કુંડલ, ચંદ્રકાન્ત વ્યાસ તથા ડૉ. નરેન્દ્ર રાવળનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સમિતિએ ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિઓ, વિવેચકો અને સાહિત્યિક સામયિકોના સંપાદકોને ભલામણપત્રો મોકલી તેમના અભિપ્રાય મેળવ્યા હતા. અને એ અભિપ્રાયના અભ્યાસ પછી શ્રી નલિન રાવળને કવિશ્રી દલપતરામ ઍવૉર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## નર્મદ સાહિત્ય સભામાં સતીશ વ્યાસનું વ્યાખ્યાન

નર્મદ સાહિત્ય સભા દ્વારા સ્વ. ચંદ્રવદન મહેતા વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપ્યું હતું અને એમના નાટક 'ધરા ગુર્જરી'ને સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં સક્ષમ નાટક ગણાવ્યું. પ્રમુખસ્થાને પરિષદપ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્મા હતા.

## ડૉ. શાંતિભાઈ આચાર્યને 'ગંગાબહેન પટેલ સારસ્વત સન્માન'

પ્રગતિ મિત્રમંડળ, બોરીવલી-કાંદિવલીના ઉપક્રમે ડૉ. શાંતિભાઈ આચાર્યને 'ગંગાબહેન પટેલ સારસ્વત સન્માન' અપાયું હતું. ડૉ. ઊર્મિબહેન દેસાઈએ શાંતિભાઈના સંશોધન વિષે વક્તવ્ય આપ્યું હતું. એમનાં અન્ય પ્રદાન વિષે ડૉ. કપિલા પટેલ અને ડૉ. પ્રીતિ જરીવાલાએ વક્તવ્યો આપ્યાં હતાં.